ઓફિસ આસીસ્ટન્ટની ૦૩ હંગામી જગ્યાની મુદત લંબાવવા બાબત. (વર્ષ ૨૦૨૬-૨૭)

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ WCDD/EMR/e-file/23/2022/0002/K (Establishment)
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા :-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૦-૦૩-૨૦૨૫નો ઠરાવ ક્રમાકઃ WCDD/EMR/e-file/23/2022/0002/K (Establishment)

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.30-૦૩-૨૦૨૬નો ઠરાવ ક્રમાકઃ WCDD/EMR/e-file/23/2022/0002/K (Establishment)

પ્રસ્તાવના :-

ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના ઠરાવથી વિભાગની કુલ-૨૭ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી વિભાગની ૨૭ હંગામી જગ્યા પૈકી ૨૪ જગ્યાઓની મુદત તા: ૨૮/૦૨/૨૦૨૭ ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવી હતી. તેમજ ઓફિસ આસીસ્ટન્ટની બાકી ૦૩ હંગામી જગ્યાની મુદત લંબાવવા માટે નાણા વિભાગને દરખાસ્ત કરેલ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગ ખાતેના ઓફિસ આસીસ્ટન્ટની ૦૩ હંગામી જગ્યાની મુદત તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતો :-

- એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા નાણા વિભાગ કરકસર પ્રભાગ ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઇઓ મુજબ એબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.
- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
- પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

- વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
- જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
- સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
- નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt. 26-06-2023ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.
- નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt. 26-06-2023 ની જોગવાઇ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.
- વિભાગે વર્ગ ૪ ની જગ્યા ખાલી પડતા તેને રદ કરવાના હુકમો કરવાના રહેશે. તેમજ તે જગ્યાએ નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ આઉટસોર્સથી કામગીરી મેળવવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી મારફતે વિભાગ ખાતે સક્ષમ કક્ષાએ તા: ૦૭/૦૭/૨૦૨૬ના રોજ મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એ.જીડ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨-નકલ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેકટ ફાઈલ.

Signature Not Verified
Signed by: Maheshwari Jid
Section Officer
Date:2026.07.09
15:59:23 +5:30